# જિલ્લામાં વધુ એક ડેન્ટલ કોલેજ પીંપળજ પાસે બનશે

## મહુડી રોડ પર પીંપળજ પાસે મસમોટું બિલ્ડીંગ નિર્માણાધિન

ગાંધીનગર, શુક્રવાર

પેથાપુર-મહુડી રોડ પર પીંપળજ ગામ પાસે જિલ્લાની વધુ એક ડેન્ટલ કોલેજ અને હૉસ્પિટલ નિર્માણ પામી રહી છે. કોલેજમાં ૧૦૦ સીટ માટે મંજૂરી માંગવામાં આવી છે. જે અંગે આગામી વર્ષ ૨૦૧૧માં ડી.સી.આઈ.ના ઈન્સ્પેકશન બાદ નિર્ણય લેવાશે. દરમિયાનમાં આ સ્થળે ૧૦૦ બેડની ગોએન્કા હૉસ્પિટલ તો શરૂ થઈ ગઈ છે. જ્યાં રાહતદરે સારવાર આપવામાં આવનાર હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં પીંપળજ પાસે બની રહેલી ગોએન્કા ડેન્ટલ કોલેજ એન્ડ હૉસ્પિટલ અંગે માહિતી આપતાં તેના ચેરમેન અપૂર્વ ગોએન્કા, ડૉ. દિવ્યેશ ગુપ્તા અને કુમારસ્વામીએ જણાવ્યું હતું કે, ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનું ઈન્સ્પેક્શન આવતા માર્ચ મહિનામાં આવશે અને તે પછી ડેન્ટલ કોલેજ ચાલુ થઈ જશે.

અલબત્ત એકસો બેડની હૉસ્પિટલ તો અત્યારથી જ કાર્યરત થઈ ચૂકી છે અને આ હૉસ્પિટલમાં બ્લડ સ્ટોરેજની પણ વ્યવસ્થા છે, જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે એવો દાવો તેમણે કર્યો હતો. આ ઉપરાંત, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજી સહિતનો પણ આ હૉસ્પિટલમાં સમાવેશ થાય છે.

સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત, આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની સુવિધા પણ અહીંયા રાખવામાં આવી છે. જેમાં ટેલીમેડિસીનની સુવિધા છે અને

અનુસંધાન **પાના નં 3** ઉપર